# સેવા અને પ્રતિભાનું બીજુ નામ - ગાયત્રી પંચાલ


## કિશોરી ગાયત્રી પંચાલે અનેક ક્ષેત્રોમાં પોતાનું કૌશલ્ય પ્રદર્શિત કરી અનેક પુરસ્કારો અને પ્રમાણપત્રો પ્રાપ્ત કરી ચૂકી છે

ગાંધીનગર, તા.૧૯

આજના આધુનિક યુગમાં યુવાનો અભ્યાસની સાથે સાથે રમત - ગમત, સાંસ્કૃતિક, કલા - વારસા તથા સામાજીક પ્રવૃત્તિ કરીને સમાજ માટે એક વિશેષ દ્દષ્ટાંત પુરુ પાડે છે. યુવાનો ફક્ત ઘરનું દીપ બનીને નહીં પણ સમાજ માટે જીવાદોરી સમાન બની રહ્ છે ત્યારે સમાજ માટે વિશેષ સેવાનું યોગદાન આપનાર કલાનગરી ગાંધીનગરની પ્રતિભાશાળી કિશોરી ગાયત્રી પંચાલે વિવિધ ક્ષેત્રે પોતાની આગવી કલા અને પ્રતિભા પ્રદર્શીત કરી ગુજરાત તથા ભારતની શાનમાં વધારો કરી ગૌરવ અપાવ્યું છે અને યુવાનોને ભારતની પ્રગતિના શિખરો સર કરવા પ્રેરકબળ સાથે જોમ અને જુસ્સો પુરો પાડ્યો છે.

કલાનગરી ગાંધીનગરની પ્રતિભા સંપન્ન કિશોરી ગાયત્રી પંચાલે હાલ ગાંધીનગર સ્થિત અશ્વિનભાઈ પટેલ કોમર્સ કૉલેજમાં અભ્યાસ કરે છે. નાની વયથી જ સામાજીક અને સેવા કાર્યો સાથે સંકળાયેલ ગાયત્રી શાળા સમય દરમિયાન ધો.૫ થી ૯ દરમિયાન સ્કાઉટ ગાઈડ, ધો.૧૦થી ૧૨ દરમિયાન ઉર્જા રક્ષક દળ, ઉપરાંત પાંચ નેશનલ કેમ્પ અને ૯ લોકલ કેમ્પમાં શાળા, કૉલેજ અને ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું છે.

આજની યુવા પેઢી સેવાના કાર્યો માટે સતત કોઈ ને કોઈ સેવાકીય પ્રવૃત્તિ સાથે જોડાયેલી જોવા મળે છે. આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ માત્ર ટાઈમપાસ માટે જ નહી પરંતુ સારી એવી સેવાકીય બાબતોમાં પણ કરતા જોવા મળે છે. અને હજુ પણ યુવાનોમાં સેવાની આશાઓ છુપાયેલી છે. એ ગાયત્રી પંચાલને જોતા નજરે પડે છે. તેઓ હંમેશા વૃક્ષારોપણ, વ્યસન મુક્તિ, બ્લડ ડોનેશન અને સ્વચ્છતાના કાર્યક્રમો સાથે પણ સંકળાયેલા જોવા મળે છે. આવી અનેક પ્રવૃત્તિમાં સિંહફાળો આપનાર ગાયત્રીએ કોલેજ, જિલ્લા, યુનિવર્સિટી, રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ તમામ વિભાગોમાં ૭૫થી વધુ પ્રમાણપત્રો મેળવી ચૂકી છે. ઉપરાંત મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે સન્માનિત, ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં 'રાજધાની રત્ન એવૉર્ડ', રાજ્યપાલના હસ્તે 'રાજ્ય પુરસ્કાર' પણ પ્રાપ્ત કર્યો છે.



સંદેશની બાળ સંદેશ પૂર્તિમાં બાળલેખિકાનું પણ બિરૂદ મેળવેલું છે. કોલેજમાં વર્ષ ૨૦૧૨-૧૩માં બેસ્ટ સ્ટુડન્ટ ઓફ ધ યરનું પણ બિરૂદ મેળવ્યું છે અને અનેક વકતૃત્વ સ્પર્ધા, સ્પોર્ટસ, એન.એસ.એસ. અને કલ્ચરલ ગ્રુપ સાથે પણ સંકળાયેલ છે. આમ શાળા, કૉલેજ તેમજ સમાજમાં અનેક સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા સમાજ, શાળા અને કૉલેજમાં એક અલગ જ ઓળખ ધરાવતી ગાયત્રી પંચાલ સમાજમાં એક શ્રેષ્ઠ સામાજીક કાર્યકરની ઓળખ ધરાવે છે.



લેકાવાડા, ઓમકાર ઈન્ટરનેશનલ સ્કુલમાં આદિ કવિ નરસિંહ મહેતાના જીવન પર આધારિત કુંવરબાઈનું મામેરું નાટક જુની રંગભૂમિ પ્રણાલીમાં ભજવવામાં આવ્યું હતું. શાળાના ઈંગ્લીશ મિડિયમ અને ગુજરાતી મિડિયમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તેમજ નાટક દ્વારા સંસ્કારોનું જ્ઞાન મેળવ્યું હતું.

### બે દિવસ પહેલા લીંબડીયા કેનાલમાંથી

# મૃત હાલતમાં અર્ધનગ્ન મળેલા કિશોરની હત્યા થયાની આશંકા

## ચાર દિવસ પહેલા સરદારનગર પોલીસ સ્ટેશનમાં તેનું અપહરણ થયું હોવાનો ગુનો નોંધાયો હતો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક લીંબડીયા નર્મદા કેનાલમાંથી બે દિવસ પહેલા ૧૫ વર્ષના કિશોરની અર્ધનગ્ન હાલતમાં તરતી લાશ મળી આવી હતી. ડભોડા પોલીસે ગઈ મોડી સાંજે મૃતકના વાલી-વારસ સુધી પહોંચી ગઈ હતી. કિશોર ચાર દિવસ પહેલા ઘરેથી પટ્ટો ખરીદવા નીકળ્યો હતો અને પરત ફર્યો ન હતો. સરદારનગર પોલિસ સ્ટેશનમાં તેના અપહરણ અંગેની ફરિયાદ પણ દાખલ થવા પામી હતી. કિશોર નરોડાથી લીંબડીયા કેવી રીતે પહોંચ્યો અને અર્ધનગ્ન હાલતમાં મૃતદેહ કેવી રીતે પડયો હતો? હત્યા થઈ હોવાની આશંકાઓને પગલે ડભોડા પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

અમદાવાદના નરોડા સંતોષીનગર વિસ્તારના છાપરામાં રહેતો ૧૫ વર્ષીય સુરજ પાયચંદ દંતાણી ધોરણ-૧૦માં અભ્યાસ કરતો હતો. ૧૫મી ફેબ્રુઆરીએ બપોરે બેલ્ટ લેવા જવાનું કહીને નીકળેલો સુરજ ઘરે પરત ફર્યો ન હતો. ગુમ થઈ ગયેલા સુરજનાં સરદારનગર પોલિસ સ્ટેશનમાં અપહરણનો ગુનો પણ નોંધાયો હતો. દરમિયાન બે દિવસ પહેલા લીંબડીયા નર્મદા કેનાલમાંથી અર્ધનગ્ન હાલતમાં મળેલી અજાણ્યા કિશોરની લાશ સુરજની જ હોવાની ગઈ મોડી સાંજ ડભોડા પોલીસની તપાસમાં બહાર આવ્યું છે. સુરજ નરોડાથી લીંબડીયા કેનાલ કેવી રીતે પહોંચ્યો તે શંકા ઉપરાંત અર્ધનગ્ન હાલતમાં મળેલો મૃતદેહ પણ હત્યાની શંકાઓ ઉપજાવે છે. ડભોડા પોલીસે આ દિશામાં તપાસ શરુ કરી છે.

# હળમતિયામાં વિસામો બનાવવા સપ્તાહમાં ખાતમુહર્ત વિધિ થશે

## ગુડાના વિસામામાં ૪૦૦થી વધુ વ્યકિતઓ રહી શકે તેવી સુવિધા ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા.૧૯

ગુડા દ્વારા હળમતિયામાં વિસામો બનાવવાની કાર્યયોજના સંદર્ભે હવે નજીકના ભવિષ્યમાં કામ હાથ ધરાશે. વિસામામાં ૪૦૦થી વધુ વ્યકિતઓને રહેવાની સુવિધા ઉપલબ્ધ થશે. જેના પરિણામે બહારગામથી આવતા નાગરિકોને વિસામો મેળવવાનું સ્થાન સરળતાથી ઉપલબ્ધ થશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં આમ નાગરિકોને જરુરીયાતને ધ્યાને લઈ માળખાગત સુવિધાના અનેક કામો હાથ ધરવામાં આવ્યા છે. ગટર, રસ્તા અને સ્ટ્રીટલાઈટના કામો બાદ હવે ગુડાના વિસ્તારમાં પાણીની ટ્રંક લાઈનનું કામ હાથ ધરવા પણ આખરી આયોજન કરી દેવાયું છે. ન્યૂ ગાંધીનગરમાં વસતા નાગરિકોની વસતીને અનુલક્ષી આગામી દાયકાને ધ્યાને લઈ વિકાસના નવતર કામોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી ગુડા વિસ્તારમાં લાયબ્રેરી, કોમ્યુનિટી હોલ, તળાવ વિકાસ અને ઉદ્યાન નિર્માણ સહીતની યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. આ ઉપરાંત કામ કરતી મહિલાઓને અનુલક્ષી વર્કીંગ વુમન હોસ્ટેલ બનાવવા પણ નિર્ણય લેવાયો છે. જયારે ગુડા વિસ્તારમાં નાગરિકોને વિસામો મળી રહે તે માટે હળમતિયામાં વિસામો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. કરોડોના ખર્ચે નિર્માણ થનારા આ વિસામોને અનુલક્ષી પાર્કીંગ, ગાર્ડન અને કેન્ટીન સહીતની સુવિધા ઉપલબ્ધ કરવા પણ આયોજન કરવામાં આવ્યું છે. વિસામો બનાવવાનું આયોજન આખરી થઈ ગયું છે ત્યારે આગામી સપ્તાહમાં સ્થળ પર ખાતમુહુર્ત વિધિ પણ યોજવામાં આવશે. જયારે વિસામા ઉપરાંત ગુડા વિસ્તારમાં પાણીની સુવિધા ઉપલબ્ધ કરવા પણ ટ્રંક લાઈનનું કામ હાથ ધરવા આયોજન હાથ ધરાયું છે.

# 'ફૂલ ગુલાબ કા' વેલેન્ટાઈન ડે પ્રેમના ફૂલોથી જેસીઆઈ મહિલાઓએ સજાવી રંગીન ફૂલદાની

ગાંધીનગર, તા.૧૯

વેલેન્ટાઈન ડે એટલે પ્રેમથી નીતરતો અને ગુલાબનાં સુવાસમાં મહેંકતો પર્વ, પ્રેમની શાયરીઓ જયાં આપોઆપ પ્રગટવા લાગે અને યૌવનધન થનગનવા લાગે એટલે વેલેન્ટાઈન.

'લખેલા શબ્દો લીટા મારવાથી ભૂંસાતા નથી,
દિલમાં પ્રેમનાં મોજા એમ જ ઉભરાતા નથી.



સંબંધો નક્કી થયા હોય છે પ્રભુના દ્વારેથી જ
એટલે તો પણે એકબીજાને ભૂલતા નથી'

પ્રેમનો નશો અને ઉત્સાહ પુરુષ કરતાં સ્ત્રીમાં વધુ જોવા મળે છે અને એટલે જ ગાંધીનગર જેસીઆઈની મહિલાઓ દ્વારા વેલેન્ટાઈન ડેના સેલિબ્રેશનમાં ફલાવર મેકિંગનો વર્કશોપ આયોજવામાં આવ્યો. સિમા ઉપાધ્યાયે મસ્ત મજાના રંગબેરંગી અવનવાં ફૂલોને ખીલવીને દિલ્હી રાષ્ટ્રપતિ ભવનમાં આવેલા મોગલ ગાર્ડન જેવો નજારો બનાવ્યો. જેસીઆરટીના ઝોન અધ્યક્ષ દિપીકા મહેતા ફૂલોની સાજ સજાવટ જોવાં ખાસ પધાર્યા.

ગાંધીનગરની આ ઉત્સાહી મહિલાઓએ વેલેન્ટાઈન ડેને રંગીન ફૂલોમય બનાવી દીધો. મિતાલી ત્રવેદી, ફાલ્ગુની ભાવસાર, મનીષા, લતા શુકલ, રૂચિતા શાહ, ભૂમિકા નિર્મલ, રૂપા ભટ્ટ, હેતલ શાહ, અપૂર્વા રાવલ, કોમલ પટેલ, દિશા દેસાઈ, શીલા, સાધના, ભાવના, પ્રિયંકા વગેરે આ અવનવાં ફૂલો બનાવવાનું શીખીને સાંજે એજ ગુલદસ્તો એમનાં વેલેન્ટાઈનને આપ્યો હતો. મહિલાઓએ અલક મલકની વાતો સાથે એક નવો હુન્નર શીખી લીધો. આમેય પોતે બનાવીને આપેલી વસ્તુ કે ગીફટ પ્રેમીને અધિક ગમતી હોય છે. વેચાતા પ્રેમ અને દિલનાં પ્રેમમાં આજ તો અંતર છે એને એટલે જ ફૂલની સાથે લાઈન પણ ગવાઈ હશે 'ફુલ ગુલાબ કા, લાખો મેં હજારો મેં એક ચહેરા જનાબ કા'.



છેલ્લા ઘણાં સમયથી પ્રવાસીઓને રાજયનાં પ્રવાસ સ્થાન તરફ આકર્ષવામાં મોખરે રહેલા ગુજરાત પ્રવાસન વિભાગને કેન્દ્ર સરકાર તરફથી નેશનલ ટુરીઝમ ૨૦૧૨-૧૩નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. તારીખ ૧૮-૨-૨૦૧૪નાં રોજ દિલ્હી ખાતે યોજાયેલા એક સમારોહમાં કેન્દ્રીય મંત્રીશ્રી શશી થરુરનાં હસ્તે અપાયેલા આ એવોર્ડમાં ગુજરાતને 'વિવિધ પ્રવાસનનાં બહોળા વિકાસ કાર્યમાં ઉત્તમ રાજય' અંગેનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ સમારોહમાં શ્રી વિપુલ મિત્રા, આઈ.એ.એસ., મુખ્ય સચિવ, પ્રવાસન વિભાગ અને શ્રી સંજય કૌલ, આઈ.એ.એસ., પ્રવાસન કમિશનર અને એમ.ડી. પ્રવાસન નિગમ હાજર રહ્યા હતા અને એવોર્ડ સ્વિકાર્યો હતો. ૧૭ જેટલી અતિ મહત્વની કહી શકાય તેવી બાબતો જેવી કે રાજયમાં રોકાણ, આંતરીક માળખું, પ્રવાસીઓની પ્રવાસનસ્થળ પર વધી રહેલી સંખ્યા, અન્ય સ્થળો પર આવન જાવન, નવા પ્રવાસન સ્થળોની લોકો સુધી જાણકારી પહોંચાડવી વગેરે બાબતોને આ એવોર્ડની પસંદગીમાં કેન્દ્ર સ્થાને રાખવામાં આવ્યા હતા અને અન્ય રાજયોની સરખામણીએ ગુજરાતને આ એવોર્ડ આપવા માટે પસંદ કરવામાં આવ્યું હતું.

# ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં અરૂણભાઈ બુચને સ્થાન

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતને ગૌરવ અપાવે તેવું વહીવટીય સ્થાન અને સિદ્ધિ મેળવનાર શ્રી અરૂણભાઈ બુચ એક માત્ર છે કે જેમણે ૨૦૧૪ના 'ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ'માં સ્થાન મેળવીને આગવી પ્રતિભા ઉભી કરી છે. લીમ્કા બુક ઓફ રેકોર્ડ અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ ૨૦૧૪માં સતત ૩૫ વર્ષની અંગત મદદનીશ તરીકેની સેવાઓ આપી હતી. કોઈ પણ રાજકીય પક્ષથી પર રહી સેવાના માધ્યમ તરીકે સરકારી નોકરી કરવાનું શ્રેય પણ શ્રી અરૂણભાઈ બુચને મળે છે. રાજયમાં આ પ્રકારનો રેકોર્ડ ધરાવતા કર્મચારી હોવાનો કર્મચારી ગણમાં ગૌરવ સમાન છે.

ગાંધીનગરની વિવિધ સામાજિક સેવાકીય પ્રવૃત્તિમાં આગવું સ્થાન ધરાવતા શ્રી અરૂણભાઈ બુચ ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ છે. તેઓએ ૪૭૦૦૦ પત્રો રાજય સરકારને ૮૫૦૦ પત્રો કેન્દ્ર સરકારને લખીને ગાંધીનગરના પ્રશ્નોને વાચા આપી છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## ગાંધીનગરથી ગણપતપુરા પદયાત્રા

નગરના જય ગજાનંદ ફાઉન્ડેશન દ્વારા આગામી તા. ૨૩ ફેબ્રુઆરીથી તા. ૨૫ ફેબ્રુઆરી દરમિયાન ગણપતપુરા ખાતે આવેલ ગણેશજીના મંદિર સુધી પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. પદયાત્રા પ્લોટ નં. ૮૦૮/૧, સે-૨-સી ખાતેથી ગણેશયાગ કરી પ્રસ્થાન કરશે. પદયાત્રામાં જોડાવા ઈચ્છતા ગણેશ ભક્તોએ હસુમતિ જયંતિલાલ સુથાર મો. ૭૬૦૦૦ ૭૦૭૯૩ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# સોમનાથ મંદિર સેકટર-૧૬નો દ્વિતીય પાટોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૯

સેકટર-૧૬માં આવેલ સોમનાથ મંદિરના દ્વિતીય પાટોત્સવનું આયોજન મહાશિવરાત્રીએ કરવામાં આવનાર છે. શિવ આરાધનાનો ભજન સંધ્યાનો કાર્યક્રમ, મહાઆરતી, લઘુરુદ્ર-રુદ્રાભિષેક અને ચાર પ્રહરની પુજાના કાર્યક્રમો યોજાશે. સોમનાથ મહાદેવ ઓમ નમઃ શિવાયના નાદથી ગુંજી ઉઠશે.

તા. ૨૬મી ફેબ્રુઆરીએ શિવદાન તેમજ વિષ્ણુદાન ગઢવી દ્વારા ભજન સંધ્યા યોજાશે. બ્રહ્મભવનમાં રાત્રે શિવજીના ભજનો ગાવામાં આવશે. મહાશિવરાત્રીને તા. ૨૭મી ફેબ્રુઆરીએ સવારથી હોમાત્મક લઘુરુદ્ર કરવામાં આવશે. સાંજે ૭ વાગે શિવજીની મહાઆરતી કરાશે. રાત્રે નવ વાગેથી ચાર પ્રહરની વિશેષ પુજા કરવામાં આવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૦૯
સૂર્યાસ્ત : ૬.૩૬

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૨ ટકા ● સાંજે ૨૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે: ૯.૦૦, ૧૨.૦૦, ૩.૧૦, ૬.૨૦, ૯.૩૦
: સ્ક્રીન-૩ :
રોબોકોપ (હિન્દી) : ૯.૦૦, ૨.૩૦, ૧૧.૦૦
ગુંડે : ૧૧.૩૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૪ :
હસી તો ફસી : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૯.૩૦
રોબોકોપ (હિન્દી) : ૭.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હસીના માન જાયેગી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જય હો : ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ગુંડે : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૧૫, ૯.૧૫

### સૂર્યા, વાવોલ

ગુંડે : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હસી તો ફસી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગુંડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગુંડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
હસી તો ફસી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુંડે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવના છે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે.

**કર્ક** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**સિંહ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે.

**કન્યા** : વ્યાપાર મધ્યમ રહશે. આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : કાર્યોમાં ઉન્નતિ થશે. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**વૃશ્ચિક** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બને છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

**ધન** : ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. શત્રુઓથી હાની થવાની આશંકા રહેશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થશે.

**મકર** : સ્વયં યોજના મુજબ કાર્ય કરવું. ક્રોધ અને આવેશ પર સંયમ રાખવો. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે.

**કુંભ** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. નવા સંબંધો બંધાશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો.

**મીન** : વ્યપારી વર્ગથી લાભ થવાની શકયતા છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. રંભાબેન કુંવરજીભાઇ ગજ્જર (ઉ.વ. ૯૮) પ્લોટ ૪૧૭, ગાયત્રીનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. કાળાજી સોમાજી ઠાકોર (ઉ.વ. ૫૩) ફતેપુરા, સેક્ટર-૧૫, ગાંધીનગર.
- સ્વ. વર્ષાબેન વસંતભાઇ ત્રિવેદી (ઉ.વ. ૫૬) પ્લોટ નં. ૬૩૫/૨, સેક્ટર-૬બી, ગાંધીનગર.